બોમ્બ અને સેનાપતિ

ઉમ્બર્ટો ઇકો



એક સમયે

એક પરમાણુ હતું.



સમાન વખત માં એક દુષ્ટ સેનાપતિ પણ હતો
જે સોનેરી દોરાઓથી ગૂંથેલો ગણવેશ પહેરતો હતો.

દુનિયા પરમાણુથી ભરેલી છે.

બધું અણુઓથી જ બને છે.
અણુ બહુ નાના હોય છે,
અને જયારે એ એક સાથે હોય છે,
તો એ પરમાણુ બને છે,
જેનાથી દુનિયાની બધી વસ્તુઓ બને છે.

માઁ, અણુઓની બનેલી છે.
દૂધ, અણુઓથી બનેલું છે.
મહિલાઓ, અણુઓથી બનેલી છે.
હવા પણ અણુઓથી બની છે.
આગ પણ અણુઓથી બની છે.
આપણે બધા અણુઓથી જ બન્યા છીએ.

જયારે બધા અણુઓ સુમેળમાં હોય છે, ત્યારે બધું જ બરાબર ચાલે છે.
જીવન આ સુમેળ પર આધારિત છે.

પણ જયારે એક અણુ તૂટે છે,
ત્યારે એના કણો બીજા અણુઓ સાથે અથડાય છે,
જે હજી વધારે અણુઓ સાથે અથડાય છે,
વગેરે...

એક ભયાનક વિસ્ફોટ થાય છે!
આ અણુ-મૃત્યુ છે.

આપણો પરમાણુ દુઃખી હતો
કારણકે તેને પરમાણુ બોંબની
અંદર મૂકવામાં આવ્યો હતો.

બીજા અણુઓની સાથે,
તે એ દિવસની રાહ જોઈ રહ્યું હતું
જયારે બોમ્બ ફેંકવામાં આવે
અને તેનો વિસ્ફોટ થઈને
બધું જ નષ્ટ થઈ જાય.



હવે હકીકત એ છે કે
આ દુનિયા એવા સેનાપતિઓથી
પણ ભરેલી છે જે પોતાની આખી
જિંદગી બોમ્બનો સંગ્રહ કરવામાં વિતાવે છે.

અને આપણા સેનાપતિએ
તેનું માળિયું બોમ્બથી ભરી દીધું.
"જયારે મારી પાસે પુષ્કળ બોમ્બ હશે,"
તેણે કહ્યું,
"ત્યારે હું એક સુંદર યુદ્ધ શરુ કરીશ!"
અને એ હસ્યો.

જયારે તમારી પાસે તે બધા બોમ્બ
હાથવગા હોય
ત્યારે તમે ખરાબ ન બનો એ કેવી રીતે શક્ય છે?

બોમ્બમાં બંધ કરાયેલા અણુઓ ખૂબી જ દુઃખી હતા.

તેમના કારણે એક
મોટી આપત્તિ આવવાની હતી:
ઘણા બાળકો,
ઘણી માતાઓ,
ઘણાં બિલાડીના બચ્ચાં,
ઘણાં વાછરડાં, ઘણાં પક્ષીઓ–
બધા જ મરી જવાના હતા.

આખી નગરીઓ (શહેરો) નાશ પામવાના હતા,
જ્યાં અગાઉ નાના સફેદ ઘરો અને લાલ છતવાળા
મકાનો હતા
અને આજુબાજુ લીલાં વૃક્ષો હતા...

...એક ભયાનક કાળા ખાડા સિવાય
બીજું કંઈ જ બાકી રહેશે નહીં.

અને તેથી પરમાણુઓએ સેનાપતિ સામે બળવો કરવાનું નક્કી કર્યું.

એક રાતે, કોઈ પણ જાતનો અવાજ કર્યા વિના, તેઓ ચૂપચાપ બોમ્બમાંથી બહાર નીકળી ગયા અને ભોંયરામાં સંતાઈ ગયા.



બીજે દિવસે સવારે સેનાપતિ કેટલાક અન્ય સજ્જનો
સાથે માળિયામાં આવ્યા.

એમણે કહ્યું:
"આપણે આ બોમ્બ બનાવવા
માટે ઘણા પૈસા ખર્ચ્યા છે.
શું આપણે એને અહીં ફૂગ લાગવાની રાહ જોશું?
તમારા જેવા સેનાપતિ શેના માટે છે?"

"એ સાચું છે,"
સેનાપતિએ ઉત્તર આપ્યો.
"આપણે આ યુદ્ધ સાચે જ ચાલુ કરવું જોઈએ.
નહીંતર મારી કારકિર્દી ક્યારેય ક્યાંય નહીં પહોંચે."

સેનાપતિએ યુદ્ધની જાહેરાત કરી.

જ્યારે પરમાણુ યુદ્ધ
શરુ થવાની ખબર ફેલાણી
તો લોકો ડરથી પાગલ થઈ ગયા:
"કાશ કે અમે તમને બોમ્બ
બનાવવાની
અનુમતિ આપી જ ન હોત, સેનાપતિ!"
લોકોએ કહ્યું.

પણ હવે બહુ મોડું થઈ ગયું હતું.
લોકો શહેર છોડીને ભાગ્યા.
હવે એને ક્યાં શરણ મળશે?



એ દરમ્યાન સેનાપતિએ
વિમાનમાં એના બોમ્બ લોડ કર્યા.
અને એક-એક કરીને એનો
બધા શહેરો પર બોમ્બમારો કર્યો!

પણ જયારે બોમ્બ પડયા
(એ ખાલી હતા, એમાં અણુ ન હતા)
તો એ ફાટ્યા નહીં!
લોકો માંડ માંડ બચી જવાથી ખુશ થયા,
(એને એના નસીબ પર ભરોસો ન થયો!);
બોમ્બનો એ લોકોએ ફૂલદાની ની જેમ ઉપયોગ
કર્યો.

હવે લોકોને પહેલી વાર એવું લાગ્યું
કે એમના જીવન બોમ્બ વગર વધારે સુંદર હતા ...

... અને પછી લોકોએ ક્યારેય,
કોઈ યુદ્ધ ન કરવાનો ફેંસલો કર્યો.
હવે માઁ ખુશ હતી.
પિતા પણ.
બધા લોકો ખુશ હતા.

પછી સેનાપતિનું શું થયું?
કારણકે હવે યુદ્ધ ન હતું અને શાંતિ હતી
એટલે સેનાપતિને નોકરીમાંથી કાઢીવામાં આવ્યો.
સોના ના દોરાઓથી ગૂંથેલો ગણવેશ વાપરવા માટે,
એને એક હોટેલના દરવાજા પર દરવાનનું કામ આપવામાં આવ્યું.
કેમકે હવે બધા લોકો શાંતિથી રહેતા હતા,
એટલે પર્યટકો હોટેલમાં આવતા હતા.
એમાં જુના દુશ્મનો પણ હતા.
અને ઘણા એવા સૈનિકો પણ હતા જેને
પહેલા ક્યારેક સેનાપતિ હૂકમ કરતો હતો.
જયારે એ લોકો હોટેલમાં દાખલ થતા અથવા બહાર નીકળતા
તો સેનાપતિ કાંચના મોટા દરવાજાને ખોલતો
અને ઝૂકીને સલામ કરીને કહેતો,
"શુભ દિવસ, શ્રીમાન!"
(જે સેનાપતિને જાણતા હતા)
એ પણ એને ત્રાંસી આંખે જોતા અને કહેતા,
"આ હોટેલમાં સેવા બહુ જ ખરાબ છે!
આ તો બહુ ખરાબ કહેવાય!"



પછી સેનાપતિનો
ચહેરો લાલ થઈ જતો,
પણ એ ચૂપ રહેતો.

કારણકે હવે એનું કોઈ મહત્વ ન હતું.

અંત